# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. હિરોશીમાના મૃતકોને શ્રધ્ધાંજલી અપાયા બાદ લોકસભામાં વિપક્ષોના હોબાળાના પગલે કામગીરી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત - રાજ્યસભાની કાર્યવાહીમાં પણ વિક્ષેપ.
2. પીએમ સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના ભારતમાં 50 લાખ ઘરો સુધી પહોંચી.
3. ઇરાન સાથેના કરાર અંતિમ તબક્કામાં પહોંચતા સામુદ્ર ધૂની ફરી સંપૂર્ણ શરૂ થવાના અણસાર.
4. પશ્ચિમ એશિયામાં સુધરતી સ્થિતિ વચ્ચે ભારતીય શેરબજારમાં વધારોનું વલણ.
5. વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપમાં ભારતીય ભાલા ફેંકના ખેલાડી આશિષ યાદવ અને ટી. ધરણીધર ફાઇનલ રાઉન્ડમાં પહોંચ્યા.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PARLIAMENT ADJOURNMENT

વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોમા કારગીરી થઇ શકતી નથી , NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન પોલીસ કાર્યવાહી સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભા બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે, જ્યારે ગૃહ સવારે 11 વાગ્યે મળ્યું, ત્યારે લોકસભાએ હિરોશિમા અને નાગાસાકીના પરમાણુ બોમ્બ વિસ્ફોટના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે , આજે જાપાનમાં થયેલા દુ:ખદ પરમાણુ બોમ્બ વિસ્ફોટના 81 વર્ષ છે. મૃતકોને મૌન પાળીને શ્રધ્ધાંજલી અર્પણ કરાઇ હતી.

## BYTE: OM BIRLA-JAPAN

જોકે ત્યારબાદ અધ્યક્ષે પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિપક્ષોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગણી સાથે ઉભા કરેલા વિક્ષેપેના કારણે ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરાઇ હતી. જ્યારે રાજ્યસભા પણ આ જ મામલે બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

# NISHIKANT META APOLOGY

ભાજપના સાંસદ અને સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી અંગેની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ મેટાના CEO માર્ક ઝુકરબર્ગની માફીને ભારતના કાયદા, બંધારણ અને સંસદનો વિજય ગણાવ્યો.

સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, તે 140 કરોડ લોકોનું નેતૃત્વ કરનારા પ્રધાનમંત્રીની તાકાત દર્શાવે છે કે ભારતમાં વ્યવસાય કરવા માંગતા કોઈપણ વ્યક્તિએ ભારતીય કાયદાનું પાલન કરવું જોઈએ.

## બાઇટ : નિશિકાંત દુબે

# JOSHI CII

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જામંત્રી પ્રહલાદ જોશીએ આજે જણાવ્યું કે , પીએમ સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના ભારતમાં 50 લાખ લાભાર્થી પરિવારોને વટાવી ગઈ છે. નવી દિલ્હીમાં CII આંતરરાષ્ટ્રીય ઉર્જા પરિષદ અને પ્રદર્શનને સંબોધતા મંત્રીએ ભાર મૂક્યો હતો કે, હાલમાં 19 લાખ પરિવારોને શૂન્ય વીજળી બિલ મળી રહ્યા છે.

શ્રી જોશીએ જણાવ્યું હતું કે , આ યોજના સાથે 12 લાખથી વધુ પરિવારોએ વધારાની વીજળી વેચીને 421 કરોડ રૂપિયાની કમાણી કરી છે. બિન-અશ્મિભૂત ક્ષમતા વિશે વાત કરતા તેમણે કહ્યું કે , દેશ 2030 સુધીમાં 500 ગીગાવોટના લક્ષ્યને પ્રાપ્ત કરવાના માર્ગ પર છે.

# ASSAM - NADDA

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે , આસામમાં પૂરથી થયેલા વિનાશ પછી સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં સમય લાગશે. શ્રી નડ્ડાએ આસામ-નાગાલેન્ડ સરહદે આવેલા શિવસાગર જિલ્લાના નેપાળીખુટી વિસ્તારની મુલાકાત લીધી હતી.

કેન્દ્રીય મંત્રીએ મુખ્યમંત્રી સાથે નઝીરાના પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત શિબિરો , કૃષિ ક્ષેત્રો અને રહેણાંક વિસ્તારોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ , કેન્દ્રીય મંત્રીએ મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અસરગ્રસ્ત લોકોને કેન્દ્ર સરકાર તરફથી નાણાકીય સહાય , પુનર્વસન અને વળતર સહિત તમામ શક્ય સહાયની ખાતરી આપી હતી.

આસામમાં પૂરની સ્થિતિ વધુ વણસી જતાં છ વધુ લોકોના મોત સાથે મૃત્યુઆંક 95 પર પહોંચી ગયો અને 14 જિલ્લાઓમાં એક લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે.

# UTTRAKHAND RAIN

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ , રાજ્યના કેટલાક ભાગોમાં સતત વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને તમામ સંબંધિત વિભાગોને હાઇ એલર્ટ પર રહેવા નિર્દેશ આપ્યો છે. તેમણે SDRF, NDRF, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય એજન્સીઓને નજીકના સંકલન જાળવવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

સાંભળીએ એક અહેવાલ......

**VOICE CAST: SHAKSHI SINGH**

# ZARKHAND STUDENT PROTEST

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિદ્યાર્થીઓનો વિરોધ વધુ તીવ્ર બન્યો છે. રાજ્ય વિધાનસભાનું ચોમાસુ સત્ર પણ આજથી શરૂ થઈ રહ્યું છે. ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચાના નેતા દેવેન્દ્ર નાથ મહતો , જે છેલ્લા ચાર દિવસથી ભૂખ હડતાળ પર છે , તેમની સાથે બે મહિલાઓ સહિત પાંચ પ્રદર્શનકારીઓ જોડાયા છે. લો બ્લડ સુગર અને બ્લડ પ્રેશરને કારણે શ્રી મહતોનું સ્વાસ્થ્ય લથડ્યું છે.

આ દરમિયાન મુખ્યમંત્રી હેમંત સોરેને ગઈકાલે જણાવ્યું હતું કે , તેમની સરકાર વિદ્યાર્થીઓની સમસ્યાઓના ઉકેલ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે , એજન્સીઓ તપાસ કરી રહી છે અને દોષિતોને જેલમાં મોકલવામાં આવી રહ્યા છે.

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં સુધારાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન 25 જુલાઈથી રાજધાની રાંચીમાં શરૂ થયા હતા. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ 14મી ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન સિવિલ સર્વિસ પરીક્ષા રદ કરવાની માંગ કરી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDIANVESSEL-HOURMUZ

સરકારે જણાવ્યું કે , પશ્ચિમ એશિયામાં ગંભીર સુરક્ષા પરિસ્થિતિ હોવા છતાં 60 વેપારી જહાજો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે. સંસદમાં એક પ્રશ્નના જવાબમાં સરકારે એમ પણ જણાવ્યું કે , ખાડી ક્ષેત્રમાંથી ત્રણ હજાર 972 ભારતીય ખલાસીઓને સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે અને તેની 24 કલાકની કટોકટી વ્યવસ્થાપન પ્રણાલીને હજારો ફોન અને ઇમેઇલ મળી રહ્યા છે.

# IRAN OMAN AGREEMENT

ઈરાને કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટ પર ઓમાન સાથે કરાર તૈયાર કરવાના અંતિમ તબક્કામાં છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આ અઠવાડિયે એક કરારની જાહેરાત થઈ શકે છે. જો આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તો , તે સંભવિત રીતે વ્યૂહાત્મક જળમાર્ગને ફરીથી ખોલી શકે છે , વૈશ્વિક અર્થતંત્ર પર દબાણ ઓછું કરી શકે છે અને યુદ્ધનો અંત લાવવામાં મદદ કરી શકે છે.

સાંભળીએ એક અહેવાલ.......

**VOICE CAST: KRISHAN-KANT-IRAN**

# STOCKS 1200

ભારતીય શેર બજારમા સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. છેલ્લા અહેવાલો મળ્યા ત્યારે સેન્સેક્સમાં 150 થી વધુ પોઈન્ટનો વધારો અને નિફ્ટીમાં સામાન્ય વધઘટ જોવા મળી હતી.

બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં મિડસ્મોલ પ્રાઇવેટ બેંકો, એનર્જી અને કેપિટલ ગુડ્સના શેરમાં તેજી જોવા મળી હતી. તેનાથી વિપરીત , યુટિલિટીઝ, પાવર અને રિયલ્ટી નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા.

# UNDER-20 ATHLETICS CHAMPIONSHIP

અમેરિકામાં ચાલી રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ અંડર-20 ચેમ્પિયનશિપમાં ભારતીય ભાલા ફેંકના ખેલાડી આશિષ યાદવ અને ટી. ધરણીધર ફાઇનલ રાઉન્ડમાં પહોંચી ગયા છે. ડિસ્કસ ફેંકનાર અમાનત કંબોજ પણ ફાઇનલ રાઉન્ડમાં પહોંચી ગયા છે.

આશિષે પુરુષોના ગ્રુપ -Aમાં શાનદાર પ્રદર્શન કર્યું , 69.87 મીટરના થ્રો સાથે યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું. 19 વર્ષીય આશિષનો વ્યક્તિગત શ્રેષ્ઠ અને સીઝનનો શ્રેષ્ઠ થ્રો 74.49 મીટર છે. ટી. ધરણીધર ગ્રુપ -Bમાં 68 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે પાંચમા સ્થાને રહ્યો.

મહિલા ડિસ્કસ ફેંકમાં , અમાનત ગ્રુપ -Aમાં 52.58 મીટરના સિઝનના શ્રેષ્ઠ થ્રો સાથે છઠ્ઠા સ્થાને રહ્યા.

# BSP MLA DEATH

ઉત્તર પ્રદેશમાં બહુજન સમાજ પાર્ટીના ધારાસભ્ય ઉમાશંકર સિંહનું લાંબી બીમારી બાદ અવસાન થયું છે. તેઓ બલિયા જિલ્લાના રસાડા મતવિસ્તારમાંથી 403 સભ્યોની ઉત્તર પ્રદેશ વિધાનસભામાં એકમાત્ર ધારાસભ્ય હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધારાસભ્યના અવસાન પર શોક વ્યક્ત કર્યો.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ શોક વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, ઉમાશંકર સિંહ માત્ર ધારાસભ્ય તરીકે જ નહીં પરંતુ એક સંવેદનશીલ સામાજિક કાર્યકર તરીકે પણ જાણીતા અને આદરણીય હતા